# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

**E-Mail- forum.pgvcl@gebmail.com**


પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૧૮/ક્વા-૨/૨૧-૨૨/૭૬૯૪-૨ તા.૨૨-૧૨-૨૦૨૧

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (**CGRF**)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૧૮/ક્વા-૨/૨૧-૨૨

અરજદાર : દલવાડી ગણેશભાઈ ધનાભાઈ ગામ: ચંદ્રગઢ

પેટા વિભાગીય કચેરી : હળવદ ગ્રામ્ય

રજૂઆત કરનાર : અરજદાર વતી તેના પ્રતિનિધિ તરીકે દલવાડી ધરમશીભાઈ ધનાભાઈ હાજર રહેલ છે.

## :: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - હળવદ

રજૂઆત કરનાર : શ્રી પી.જી.થોરીયા ઇન્ચાર્જ કાર્યપાલક ઈજનેર અને તેમની સાથે શ્રી કે.ડી.ઝાલા એસ.એ. (રેવન્યુ) પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – હળવદ

## :: કોરમ ::

૧) ચેરપર્સન - શ્રી એન.સી.મકવાણા

૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી નિતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, વર્તુળ કચેરી, મોરબી

તારીખ: ૧૮-૧૨-૨૧ (શનીવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૨૫-૦૮-૨૦૨૧ (ગુરુવાર) ના રોજ વર્તુળ કચેરી મોરબી ખાતે રાખવામાં આવેલ હતી. જેમાં અરજદાર દલવાડી ગણેશભાઈ ધનાભાઈ હાજર રહેલ હતા. તેમજ પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી શ્રી એ.આર.કોરડીયા કાર્યપાલક ઈજનેર પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – હળવદ હાજર રહેલ હતા. સદર મીટીંગમાં પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા અરજદારને કોઇપણ પ્રકારની ફરિયાદ રહેતી ન હોવા સબબનું તા.૧૭-૦૮-૨૦૨૧ નું અરજદારની સહી વાળું લેખિત સમંતિપત્ર રજુ કરાયેલ હતું. જે અન્વયે અરજદાર દ્વારા મૌખિક જણાવાયેલ કે તેઓના પ્રશ્નનું નિરાકરણ થઇ જશે તે મુજબ કોરા સમંતિપત્રમાં તેઓની સહી કરાવવામાં આવેલ હતી. જેથી સદર કેઈસની ફરી વખત સુનાવણી તારીખ: ૨૧-૦૯-૨૧ (મંગળવાર)

અને તા.૦૩-૧૨-૨૧ ના રોજ રાખવામાં આવેલ હતી જે અનિવાર્ય કારણોસર રદ કરીને સુનાવણી તા.૧૮-૧૨-૨૧ ના રોજ રાખવામાં આવેલ જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર રજુઆતમાં જણાવે છે કે તેઓ નવા ચંદ્રગઢ ગામની સીમમાં સર્વે નં. ૧૬૮ માં ગ્રાહક નં. ૭૩૬૪૧/૦૦૫૬૦/૪ થી ૩૫ હો.પા. નું ખેતીવાડી વીજજોડાણ ધરાવે છે. સદર જગ્યા પર ખેતી માટેનું પાણી ઓછુ હોવાથી અરજદાર દ્વારા તા.૩૧.૦૮.૨૦૧૭ ના રોજ હયાત ૩૫ હો.પા. લોડ માંથી ૨૦ હો.પા. લોડ કરવા માટે એટલેકે (૩૫-૧૫=૨૦) ૧૫ હો.પા. નો લોડ ઘટાડો કરવા માટે સંલગ્ન પેટા વિભાગીય કચેરી ખાતે અરજી કરેલ જેના રજીસ્ટ્રેશન ચાર્જ પેટે રૂ.૨૦૦/- રસીદ નં.૩૫૫૩૨૪ થી ભરપાઈ કરેલ. ત્યારબાદ કચેરી દ્વારા ૬૩ કે.વી.એ.નું ટી.સી. ઉતારી ૨૫ કે.વી.એ.નું ટી.સી. ફેબ્રુઆરી-૨૦૧૮ માં ચડાવેલ પરતું સંલગ્ન કચેરી દ્વારા સદર અરજીના અનુસંધાને સંલગ્ન કચેરી દ્વારા સ્થળ તપાસ કરેલ ન હતી તેમજ અરજદાર દ્વારા વારંવાર મૌખિક રજૂઆત કરવા છતાં સંલગ્ન કચેરીમાંથી કોઈ વાડી પર ચેકિંગ શીટ ભરવા આવેલ ન હતા.

૨.૧ અરજદાર વધુમાં જણાવે છે કે ત્યારબાદ સંલગ્ન કચેરીમાંથી વીજબીલ બાબતે સતત ફોન આવતા અરજદાર દ્વારા કચેરીમાં તપાસ કરતા માલુમ પડેલ કે સદર વીજજોડાણમાં લોડ મંજુર થયેલ નથી. જે બાબતે સંલગ્ન કચેરી દ્વારા અરજદારને લેખીત કે મૌખિક જાણ કરેલ નથી. આમ સંલગ્ન કચેરી દ્વારા લોડ ઘટાડા બાબતે કોઈ કાર્યવાહી થયેલ ન હોય અરજદારને ૦૩ (ત્રણ) વર્ષ સુધી ખોટું બીલ ભરપાઈ કરવું પડેલ છે. જે ભરપાઈ કરેલ રકમ મજરે આપવા માટે અરજદાર દ્વારા અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારની રજૂઆત અન્વયે - પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી જણાવાયેલ કે હળવદ વિભાગીય કચેરીના તાબા હેઠળ આવતા હળવદ ગ્રામ્ય પેટા વિભાગીય કચેરીના અરજદારશ્રી ગણેશભાઈ ધનાભાઇ દલવાડીના ગ્રાહક નં ૭૩૬૪૧/૦૦૫૬૦/૪ દ્વારા ચંદ્રગઢ ગામે પોતાના ખેતીવાડી સર્વે નં. ૧૬૮ માં ૩૫ **H.P** માંથી ૧૫ હોપા (૩૫-૧૫=૨૦) નો લોડ ઘટાડો કરવા માટે રજીસ્ટ્રેશન પેટે ફી રૂ.૨૦૦.૦૦ ભરી તા.૩૧.૦૮.૨૦૧૭ ના રોજ અરજી કરેલ હતી.

૩.૧ ઉપરોક્ત મુદ્દા નં ૩.૦ ના અનુસંધાને પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા ૬૩ **KVA** નુ ટી.સી.ઉતારી ૨૫ **KVA** નુ ટી.સી. મુકવામાં આવેલ પરંતુ ત્યારબાદ સદર બાબતે વારંવાર મૌખિક રજૂઆત કરવા છતાં **PGVCL** ઓફીસમાથી કોઈ લોડ ઘટાડાની અરજીના અનુસંધાને કોઈ કાર્યવાહી કરવામાં આવેલ ન હોવાથી અરજદારને આશરે ૦૩ વર્ષનું ખોટું બીલ ભરવું પડે તેમ હોવાથી તે માફ કરવાં બાબતેની અરજદાર દ્વારા નામદાર ફોરમમા રજૂઆત કરવામાં આવેલ હતી. જે અનુસંધાને હળવદ ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી તરફથી અરજદારશ્રીને સદર બાબતે મૌખિક જાણ કરીને સમાધાન માટે બોલાવેલ હતા અને તેમને સઘળી હકીકતોથી વાકેફ કરી સમજાવેલ હતા જેનાથી અરજદારે સંતોષ વ્યકત કરી તારીખ-૧૭.૦૮.૨૦૨૧ ના રોજ રૂ.૫૦૦૦.૦૦ રસીદ નં ૯૫૯૭૪૨ થી ભરી સદર વીજજોડાણ પેટે બાકીની રકમ નિયમિત રીતે ત્રણ હપ્તામાં ભરી આપવાની ખાતરી આપેલ છે આમ નામદાર ફોરમમા અરજદાર દ્વારા થયેલ સદર ફરીયાદનું સંતોષકારક નિવારણ કરી આપવામાં આવેલ હોવાથી અરજદાર દ્વારા ફરિયાદ પરત ખેચવાની સંમતિ પણ આપેલ હતી. પરંતુ મુદ્દા નં ૧.૦ મુજબની વિગતે અરજદાર દ્વારા જણાવાયેલ કે તેઓની ફરિયાદનું નિરાકરણ થઇ જશે તે મુજબ પી.જી.વી.સી.એલ. દ્વારા કોરા સમંતિપત્રમાં તેઓની સહી કરાવવામાં આવેલ હતી. આમ, અરજદારની સમંતિપત્ર માં સહી કરાવેલ હતી તે માન્ય ન રહેતા ફોરમ કમિટી દ્વારા સદર કેઈસનો વિગતવાર

અહેવાલ રજુ કરવા પીજીવીસીએલ પક્ષકારને સુચના આપેલ જે અનુસંધાને પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા તા.૧૮.૦૮.૨૦૨૧ ના લેખિત પત્ર દ્વારા નીચે મુજબની વિગતેનો અહેવાલ રજુ કરાયેલ.

૩.૨ અરજદારની અરજીના અનુસંધાને પેટાવિભાગીય કચેરીના અધિકારી દ્વારા તા.૦૫-૦૩-૨૦૧૮ ના રોજ ચેકિંગ શીટ નં – ૧૦૧૪૮૬ થી સ્થળ તપાસ કરાયેલ તે મુજબ વીજભાર ૨૦ હો.પા. નોંધાયેલ છે.

૩.૩ ઉપરોક્ત બાબતે પી.જી.વી.સી.એલ. દ્વારા ૬૩ **kva** નું ટ્રાન્સફોર્મર ઉતારી અને ૨૫ **kva** નું ટ્રાન્સફોર્મર તા.૦૯-૦૫-૨૦૧૯ ના રોજ બદલવામાં આવેલ. પરંતુ પી.જી.વી.સી.એલ.ની પેટાવિભાગીય કચેરી દ્વારા વીજભાર ઘટાડાની પ્રપોઝલની મંજુરી વિભાગીય કચેરી માંથી લીધેલ ન હતી. તેમજ અરજદાર દ્વારા ટેસ્ટરીપોર્ટની રજીસ્ટ્રેશન ફી ભરપાઈ કરાયેલ ન હતી.

૩.૪ ગ્રાહક દ્વારા ટેસ્ટ રીપોર્ટ રજીસ્ટ્રેશન ફી ના નાણા ભરપાઈ થયા વિના આશરે ત્રીસ માસ બાદ પેટા વિભાગીય કચેરી દ્વારા જાવક પત્ર નંબર ડીઈ/ગ્રા.પે.વી./૧૨૯૧ તા.૦૬.૦૩.૨૦૨૦ ના રોજ લોડ ઘટાડાની પ્રપોઝલ મંજૂરી માટે વિભાગીય કચેરી ખાતે મોકલવામાં આવેલ.હતી. જેની વિભાગીય કચેરી દ્વારા ચકાસણી કરવામાં આવતા નીચે મુજબની ક્ષતિઓ હોવાથી પૂર્તતા માટે અત્રેની કચેરીના જાવક પત્ર નં ૧૧૫૪ થી તા.૨૦.૦૩.૨૦૨૦ ના રોજ કેઇસ ફાઈલ પેટાવિભાગીય કચેરીને પરત મોકલવામાં આવી હતી.

(૧) લોડ ઘટાડાની પ્રપોઝલ શા માટે મોડી મોકલવામાં આવેલ તેનું જસ્ટીફીકેશન અને સદર બાબતે જવાબદાર કર્મચારીનો ખૂલાસો નાયબ ઇજનેરની ટીકા ટીપ્પણી સાથે રજૂ કરવો.

(૨) સાઇટ સ્કેચ અને એસટીમેટ સામેલ નથી

(૩) લોડ ઘટાડાની સામેલ અરજીમાં ટેસ્ટ રીપોર્ટના રજીસ્ટ્રેશન ની રસીદ નંબર અને તારીખની વિગત નથી

(૪) ગ્રાહકના ખાતાની ડેબીટ એરીયર્સની રીકવરી કરવી

(૫) ગ્રાહકના તાજેતરના ૭/૧૨ ના ઉતારા રજુ કરવા.

ઉપરોક્ત ક્ષતિઓની પેટા વિભાગીય કચેરી દ્વારા પૂર્તતા કરી કચેરીના જાવક પત્ર નં.ડીઈ/ગ્રા.પે.વી/૫૮૨૯ તા.૩૧.૧૨.૨૦૨૦ થી કેઇસ ફાઇલ મંજૂરી માટે વિભાગીય કચેરીને મોકલવામાં આવેલ હતી, પરંતુ ગ્રાહક દ્વારા ટેસ્ટ રીપોર્ટ રજીસ્ટ્રેશન ફી ભરપાઈ કરવામાં આવેલ ન હોવાથી સદર બાબતની મૌખિક જાણ કરવામાં આવતા સબ ડીવીઝન દ્વારા ગ્રાહક પાસે ટેસ્ટ રીપોર્ટ રજીસ્ટ્રેશન ફી રસીદ નં.૯૫૦૩૩૪ થી તા.૦૬.૦૧.૨૦૨૧ ના રોજ ભરાવી જાણ કરવામાં આવતા અત્રેની વિભાગીય કચેરી દ્વારા ટેસ્ટ રીપોર્ટ ચાર્જ ભર્યાની તારીખ ૦૬.૦૧.૨૦૨૧ થી સદર લોડ ઘટાડાની મંજુરી વિભાગીય કચેરીના પત્રનં ૦૨૧૧ થી તા.૧૬.૦૧.૨૦૨૧ ના રોજ આપવામાં આવેલ. જે મંજૂરી મેળવ્યા બાદ પેટા વિભાગીય કચેરી દ્વારા સદર ગ્રાહકને ટેસ્ટ રીપોર્ટ ભર્યાની તારીખથી લોડ ઘટાડો કરી આપવામાં આવેલ છે.

૩.૫ ઉપરોક્ત બાબતે પેટા વિભાગીય કચેરી દ્વારા લોડ ઘટાડાની પ્રપોઝલ સમયસર ન મોકલવાના કારણે તેમજ ગ્રાહક દ્વારા ટેસ્ટ રીપોર્ટ ચાર્જની રકમ ભરપાઈ ન થવાના કારણે મંજૂરી આપવામાં વિલંબ થવા પામેલ છે,સદર બાબતે કંપની દ્વારા જવાબદાર કર્મચારીનો ખુલાસો પણ પૂછવામાં આવેલ છે. આમ સદર બાબતે કંપનીના નિયમ અનુસાર સઘળી કાર્યવાહી કરવામાં આવેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તેમજ મૌખિક રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ હળવદ ગ્રામ્ય પેટા વિભાગીય કચેરીના અરજદારશ્રી ગણેશભાઈ ધનાભાઇ દલવાડી દ્વારા તેઓના ગ્રાહક નં ૭૩૬૪૧/૦૦૫૬૦/૪ માં ચંદ્રગઢ ગામે પોતાના ખેતીવાડી સર્વે નં.૧૬૮ માં ૩૫ **H.P.** માંથી ૧૫ હોપા (૩૫-૧૫=૨૦) નો લોડ ઘટાડો કરવા માટે રજીસ્ટ્રેશન પેટે ફી રૂ.૨૦૦.૦૦ ભરી તા.૩૧.૦૮.૨૦૧૭ ના રોજ અરજી કરેલ હતી.

૪.૨ ઉપરોક્ત મુદ્દા નં ૪.૧ મુજબની ફરિયાદ અન્વયે ઓફીસ દ્વારા ૬૩ **KVA** નુ ટી.સી.ઉતારી ૨૫ **KVA** નુ ટી.સી. મુકવામાં આવેલ પરંતુ ત્યારબાદ સદર બાબતે વારંવાર મૌખિક રજૂઆત કરવા છતાં **PGVCL** ઓફીસમાથી લોડ ઘટાડાની અરજીના અનુસંધાને કોઈ કાર્યવાહી કરવામાં આવેલ ન હોવાથી અરજદારને આશરે ૦૩ વર્ષનું ખોટું બીલ ભરવું પડે તેમ હોવાથી તે માફ કરવાં બાબતે અરજદારે અરજી કરેલ હતી.

૪.૩ ઉપરોક્ત બાબતે પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા રજુ કરેલ આધાર-પુરાવા મુજબ અરજદાર દ્વારા તેઓના હયાત ખેતીવાડી વીજજોડાણમાં સર્વે નંબર – ૧૬૮ ગામ ચંદ્રગઢ તા.હળવદ ખાતે ધરાવે છે જેમાં કરારિત વીજભાર ૩૫ હોપા માંથી ૧૫ હોપાનો વીજભાર ઘટાડો કરીને કરારિત વીજભાર ૨૦ હોપા કરવા માટે તા.૨૫-૦૮-૨૦૧૯ ની અરજી અને એ-વન ફોર્મ તેમજ ગામના નમુના નં – ૮-અ, ૭-૧૨, ચતુરદિશાનો દાખલો ચુંટણીકાર્ડની નકલ તેમજ ટેસ્ટરીપોર્ટ રજુ કરેલ છે. સદર આધાર-પુરાવા મુજબ પિયતનું પાણી ખુબજ ઓછું હોવાથી ૨૦ હોપા સુધીનાજ વીજભારની જરૂરીયાત હોય તેમ જણાવેલ છે. તેમજ ટેસ્ટરીપોર્ટ મુજબ વીજભાર ૨૦ હોપા નોંધાયેલ છે. સદર તમામ આધાર-પુરાવાઓ ધ્યાનમાં રાખીને અરજદારની અરજી તા.૩૧-૦૫-૧૭ ના રોજ જરૂરી ચાર્જ અરજદાર પાસે ભરપાઈ કરાવીને નોંધણી થયેલ છે.

૪.૪ અરજદારની ફરિયાદ મુજબ તેઓના હયાત ખેતીવાડી વીજજોડાણમાં વીજભાર ઘટાડા અંગેની કાર્યવાહી ઉપરોક્ત મુદ્દા નં ૪.૩ મુજબ કરવા છતાં પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા વીજભાર ઘટાડો સમયમર્યાદામાં કરેલ નથી.

૪.૫ અરજદારની વીજભાર ઘટાડાની અરજી નોંધણી તા.૩૧-૦૮-૨૦૧૭ ના અનુસંધાને પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા વીજભારની ખરાઈ કરવા અંગે આશરે ૦૬ માસ બાદ તા.૦૫-૦૩-૨૦૧૮ ના રોજ ચેકિંગશીટ નં – ૧૦૧૪૮૬ મુજબ જોડેલ વીજભાર ૨૦ હો.પા. દર્શાવેલ છે. ત્યારબાદ અરજદારની અરજીથી આશરે ૨૦ માસ બાદ પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા હયાત ૬૩ કે.વી.એ.નું ટ્રાન્સફોર્મર ઉતારીને ૨૫ કે.વી.એ.નું તા.૦૯-૦૫-૨૦૧૯ ના રોજ બદલાવેલ છે. ત્યારબાદ અરજદાર દ્વારા વીજબીલની રકમ બાબતે વારંવાર રજૂઆત કરતા પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા તેઓના વીજજોડાણમાં વીજભાર ઘટાડાની મંજુરી મેળવવા માટે તા.૦૬-૦૩-૨૦૨૦ ના રોજ કાર્યવાહી શરુ કરેલ જેમાં જરૂરી ક્ષતિઓ પૂર્ણ થતા જરૂરી મંજુરી પી.જી.વી.સી.એલ.ની વિભાગીય કચેરી દ્વારા તા.૧૬-૦૧-૨૦૨૧ ના રોજ આપેલ છે તે મુજબ વીજભાર ઘટાડાની અસર અરજદાર દ્વારા રજુ કરેલ ટેસ્ટરીપોર્ટ તા.૦૬-૦૧-૨૦૨૧ થી અપાયેલ છે.

૪.૬ નામદાર જીઈઆરસીના સપ્લાય કોડ નોટીફીકેશન નં. ૦૪ / ૨૦૧૫ ના મુદ્દા નં ૪.૯૧ મુજબ "If the licensee sanctions the reduced load, the meter and service line may be changed if required and the cost recovered from the applicant. The licensee shall issue a demand note to the consumer in writing, under acknowledgment within 10 days in case of LT service connection, 15 days in case of HT service connection and 30 days in case of EHT service connection and for this both the licensee and applicant shall follow the procedure and timelines as laid down in clauses 4.33 – 4.37 of this Code of this Code." અને મુદ્દા નં ૪.૯૨ મુજબ "If the application is not decided by the licensee within the period mentioned in clause 4.91 above, the applicant may, by a written notice to the licensee, draw its attention to the matter. If no decision is communicated to the consumer within a further period of 15 days, permission for reduction of contract demand shall be deemed to have been granted."

તેમજ મુદ્દા નં 4.93 મુજબ ''If the licensee has sanctioned load reduction through a speaking order, the same shall be effective from the date of inspection and a written acknowledgment shall be sent to the consumer.''

૪.૭ સદર કેઈસમાં ઉપરોક્ત મુદ્દા નં ૪.૬ મુજબની વિગતો ધ્યાને લેતા અરજદાર દ્વારા તેઓના વીજજોડાણ ગ્રાહક નં – ૭૩૬૪૧/૦૦૫૬૦/૪ **A1** ટેરીફ ૩૫ હોપા માંથી કરારિત વીજભાર ઘટાડીને ૨૦ હોપા કરવા માટે તા.૩૧-૦૮-૨૦૧૭ ના રોજ નોંધણી કરાવેલ છે પરંતુ પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા તેઓના વીજબીલમાં વીજભાર ઘટાડાની અસર નિયમાધીન કાર્યવાહી આશરે અરજદારની અરજીના ૨૦ માસ બાદ કરાયેલ છે જે ખરેખર સપ્લાય કોડના મુદ્દા નં ૪.૯૧ મુજબ જરૂરી કાર્યવાહી કરીને અરજદારને દિવસ-૧૦ માં જાણકારી આપવાની રહેતી હોય છે. તેમજ સપ્લાયકોડ ના મુદ્દા નં – ૪.૯૨ મુજબ વીજભાર ઘટાડાની અરજી અન્વયે દિવસ-૧૫ માં કોઈ નિર્ણય જણાવવામાં નહિ આવે તો, વીજભાર ઘટાડાની અસર મળી ગયેલ હોવાનું ગણવામાં આવશે જે અનુસંધાને પી.જી.વી.સી.એલ. દ્વારા સમયમર્યાદામાં કોઈ લેખિત નોટીસ અરજદારને આપેલ હોય તેવા કોઈ પુરાવા રજુ કરેલ નથી, સદર કારણોસર અરજદારના કરારિત વીજભારના ઘટાડાની અરજી તા.૩૧-૦૮-૨૦૧૭ થી જ ૨૦ હોપા કરારિત વીજભાર ગણવો.

૪.૮ ઉપરોક્ત મુદ્દા નં ૪.૭ મુજબ ની વિગતે, અરજદારના વીજબીલમાં કરારિત વીજભાર ૨૦ હોપાની અસર તા.૩૧-૦૮-૨૦૧૭ થી ગણીને માહે ડિસેમ્બર-૨૦૨૦ સુધીના વીજબીલ અત્રેના ફોરમની જાણકારી હેઠળ દિવસ-૧૦ માં રીવાઈઝ કરી આપવા પીજીવીસીએલ પક્ષકારને સુચના આપવામાં આવે છે.

તદ ઉપરાંત, પી.જી.વી.સી.એલ.ના જવાબદાર અધિકારી/ કર્મચારી દ્વારા જે-તે સમયે સદર રકમની વસુલાત કરવા માટે યોગ્ય કાર્યવાહી થયેલ હોત તો સદર તકરાર ઉદ્ભવેલ ન હોત જેથી જવાબદાર અધિકારી/ કર્મચારી સામે કંપનીના નિયમ મુજબ શિક્ષાત્મક કાર્યવાહી કરવા પી.જી.વી.સી.એલ. પક્ષકારને સુચના આપવામાં આવે છે તેમજ સદર પ્રકારની તકરાર ભવિષ્યમાં ઉભી ન થાય તે અંગે તકેદારીના યોગ્ય પગલા લેવા પી.જી.વી.સી.એલ. પક્ષકારને સુચના આપવામાં આવે છે.

૪.૯ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૮ મુજબની વિગતે હુકમ કરવામાં આવે છે.

૪.૧૦ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| (એન.એચ.જોષી) | (એન.સી.મકવાણા) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલનું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯